ગાંધીનગર સમાચાર

# આવતીકાલથી સેક્ટર-૧ ૨ ખાતે મેગા વિજ્ઞાન પ્રદર્શન

**કડી સર્વ વિશ્વ વિદ્યાલય આયોજિત બે દિવસીય મેગા સાયન્સ એક્ઝિબિશનનું ઉદ્‌ઘાટન શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરાશે : પ્રદર્શનમાં ૩૦૦થી વધુ લાઈવ મોડેલ્સ અને ૧૫૦૦થી વધુ પોસ્ટર્સ પ્રદર્શિત કરાશે : ૨૦૦થી વધુ કંપનીઓના સ્ટોલ્સ હશે : રાજ્યભરના ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે**

ગાંધીનગર, તા. ૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા આગામી તા. ૫ અને ૬ ફેબ્રુઆરી દરમ્યાન સે. ૧ ૨માં વિવેકાનંદ વિદ્યાવિહાર ખાતે રાજ્યકક્ષાના મેગા સાયન્સ એક્ઝિબીશન કમ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના હસ્તે



કરાશે. ગાંધીનગરમાં યોજાઈ રહેલ આ પ્રકારની આ સૌથી મોટી ઈવેન્ટ છે. જેમાં રાજ્યભરમાંથી ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ ૩૦૦ થી વધુ લાઈવ મોડેલ્સ અને ૧૫૦૦થી વધુ પોસ્ટર્સ પ્રદર્શિત કરશે. આ ઈવેન્ટમાં ૨૦૦થી વધુ કંપનીઓના વિવિધ સ્ટોલ્સ હશે. આશરે ૨૫ હજારથી વધુ મુલાકાતિઓ આ ઈવેન્ટની મુલાકાત લેશે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે.

ગાંધીનગરના સે. ૧૫માં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના રિસર્ચ એન્ડ સાયન્સ વિભાગના ડીન ડૉ. રાજમલ જૈને આ બેજોડ ઈવેન્ટ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે રોલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર અસ્ટેનેબલ સોશિયો-ઈકોનોમિક ડેવલપમેન્ટ કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેમ્પસના દર વર્ષે યોજાતા સાયન્સ ફેટને આ વર્ષે રાજ્યકક્ષાનું સ્વરૂપ આપી ગુજરાતના નાગરિકો તથા વિદ્યાર્થીઓ માટે ઓપનહાઉસનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોમાં વિજ્ઞાન તથા ટેકનોલોજીમાં રસ જાગે તેમજ તેનાથી અભિપ્રેરિત થાય તે હેતુથી વિશ્વ વિદ્યાલય સંલગ્ન કોલેજીસ દ્વારા આ ઈવેન્ટ યોજવામાં આવી છે. ઈવેન્ટ દરમ્યાન સેમિનાર, ક્વીઝ, પોસ્ટર્સ અને લાઈવ મોડેલ્સ જેવા આયાતો પણ યોજવામાં આવશે જેથી સમગ્ર ઈવેન્ટ મુલાકાતીઓ માટે જ્ઞાનવર્ધક સાબિત થશે.

વર્તમાન સમયની સાયન્સ અને ટેકનોલોજીને ઉજાગર કરતા સામાજિક, સ્વાસ્થ્ય, શિક્ષણ અને આર્થિક ઉપયોગિતા અંગે ૧૫૦થી વધુ વર્કીંગ મોડેલ્સ ઉપરાંત સામાજિક સંદર્ભને ઉજાગર કરતા ૨૦૦થી વધુ પોસ્ટર્સ પ્રદર્શિત કરાશે. આ ઉપરાંત બાયો-ટેકનોલોજી, માઈક્રોબાયોલોજી, લાઈફ સાયન્સ, ફિઝિક્સ, કેમિસ્ટ્રી, મેથેમેટિકલ્સ સહિતના અનેકવિધ લાઈવ મોડેલ્સનો પણ સમાવેશ થાય છે. આ ઈવેન્ટમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન વિવિધ કોલેજીસના વિદ્યાર્થીઓ દ્વારા ૧૨૫ ઓનલાઈન વર્કીંગ મોડેલ્સ પ્રદર્શિત કરાશે. આ સાયન્સ ફેર માટે રાજ્યભરમાંથી ૧૫૦૦ જેટલા



વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે અને આશરે ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ઓપન હાઉસમાં રસ દાખવ્યો છે. ઈવેન્ટમાં સરકારી અર્ધ સરકારી બિન સરકારી અને ખાનગી સંસ્થાઓ તથા કંપનીઓ જોડાઈ છે. જેમાં રાજ્યના પ્રવાસન વિભાગ, માહિતી ખાતુ, માટીકામ કલાકારી અને ગ્રામ્ય ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ, ઉર્જા વિકાસ એજન્સી, બાયસેગ ઉપરાંત એસ્ટ્રન કેમિકલ્સ અંકુર હોબી સાયન્સ સેન્ટર સહિતનો સમાવેશ થાય છે. આ સાયન્સ પ્રદર્શનમાં યોજાનાર મોબાઈલ પ્લેનેટોરિયમ દ્વારા આકારદર્શન મહત્વનું આકર્ષણ બની રહેશે.

## મોબાઈલ પ્લેનેટોરિયમ દ્વારા આકાશ દર્શન

મેગા સાયન્સ એક્ઝિબિશનમાં મોબાઈલ પ્લેનેટોરિયમ તૈયાર કરાયું છે. જેમાં આકાશ દર્શન રજૂ કરાશે. ખગોળશાસ્ત્રમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ ઉપરાંત પણ તમામ મુલાકાતીઓ માટે આ પ્લેનેટોરિયમ ખૂબજ મહત્વનું આકર્ષણ સાબિત થશે. આ પ્લેનેટોરિયમમાં એક સાથે ૫૦ થી ૬૦ જેટલા વિદ્યાર્થીઓને સામેલ કરી શૉ દેખાડી શકાશે. વડોદરાના સયાજીરાવ ગાયકવાડ ઉદ્યાન ખાતેના કાયમી પ્લેનેટોરિયમને યાદ કરાવે તેવા પ્રકારનું આ પ્લેનેટોરિયમ અવકાશના ગ્રહો અંગે ખૂબજ સચોટ અને નયનરમ્ય માહિતી પ્રદાન કરશે. આ ઉપરાંત ઈવેન્ટમાં વરસાદી પાણીના બચાવ માટે જીવન-તિર્થ નામની સંસ્થા દ્વારા મોડેલ અને પોસ્ટર્સ દ્વારા અગત્યની માહિતી પ્રદાન કરાશે.

## "ઝીરો વેસ્ટ" ઈવેન્ટનો દાવો

આટલી મોટી મેગા ઈવેન્ટનું આયોજન હોવા છતાં આયોજકો દ્વારા સ્વચ્છતા અભિયાનના મહત્વને કેન્દ્રમાં રાખી "ઝીરો વેસ્ટ ઈવેન્ટ" બનાવવાનો પ્રશંસનીય પ્રયાસ હાથ ધરાયો છે. આ ઈવેન્ટમાં ઉપયોગમાં આવનાર તમામ સામગ્રીને રિ-સાયકલ કરવામાં આવશે જેથી આ ઈવેન્ટ "ઝીરો વેસ્ટ" બની રહેશે. આ કાર્ય માટે "લેટ અસ રિ-સાયકલ" નામની રિ-સાયકલ વેસ્ટ મેનેજમેન્ટ એટલે કે કચરાને પુનઃ ઉપયોગમાં લેવાનું વ્યવસ્થાપન કરતી કંપનીને સાથે જોડાણ કરવામાં આવ્યુ છે. "ઝીરો વેસ્ટ"ના કોન્સેપ્ટ થકી પર્યાવરણની જાળવણી માટે સાયન્સ-ટેકનોલોજી કેવી રીતે ભાગ ભજવી શકે તે દર્શાવવાનો હેતુ પણ અત્રે રહેલો છે.

## ખૂણે ખાંચરેથી...

● વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરૂણ બુચે કમિશ્નર ચેરમેન, પ્રભારીમંત્રી અને પ્રભારી સચિવને પત્ર લખી કરભારણ લાદવાને બદલે કરકસરીયા વહીવટની હિમાયત કરી વિકાસના સ્વપ્ન સાકાર કરવા આગ્રહ કર્યો છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિમાં સુધારા બજેટ રજુ કરી મંજૂર કરવામાં ૧૫ મિનિટનો સમય લાગ્યો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ચૌહાણ આજે પ્રાથમિક તપાસના કેસોની તપાસ માટે કલોલ પહોંચ્યા હતા.

● પેથાપુર નગરપાલિકા માટે વપરાશમાં લેવામાં આવનાર ઈ.વી.એમ.નું ફર્સ્ટ લેવલ ચેકીંગ આજે સંપન્ન થયેલ છે.

● ગાંધીનગર શહેરમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા માટે ૧૦૦થી વધુ પોઈન્ટ પોલીસતંત્રએ સૂચવ્યા હોવાનું જાણવા મળેલ છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ માટે અલાયદુ પાર્કિંગ બનાવવાની વાત સત્તાવાળાઓની સક્રિય વિચારણામાં છે.

● જિલ્લાના ખેડૂતો હજુ પણ ઠંડીનો એક રાઉન્ડ આવશે તેમ માની રહ્યા છે.

## મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે કીર્તિબેન પટેલ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે કીર્તિબેન પંકજભાઈ પટેલની નિમણુંક પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ સોનલબેન પટેલે કરી છે.

શ્રીમતિ કીર્તિબેન પટેલ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં



બિલોદરા બેઠક પરથી ચૂંટાઈને આવ્યા છે. સરકારી ક્ષેત્ર ઉપરાંત આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે સતત પ્રયત્નશીલ શ્રીમતિ પટેલની નિમણુંકને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી સહિત માણસા પંથકના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.

# આજે યુવા સ્વાવલંબન યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓને આજે તા. ૪થી ફેબ્રુઆરી-૨૦૧૬ને ગુરૂવારના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે, ટાઉનહોલ, ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે શિક્ષણ સહાયના ચેકોનું વિતરણ કરાશે.

આ યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ સહાય પેટે અત્યાર સુધીમાં મેડિકલ અને તેને સંલગ્ન અભ્યાસક્રમોમાં ૧૦૦૩ વિદ્યાર્થીઓને રૂ. ૧૫.૫૭ કરોડ, ઈજનેરી અને ડિપ્લોમાં અભ્યાસક્રમોના ૪૫૫૫ વિદ્યાર્થીઓને રૂ. ૧૦.૧૫ કરોડ અને ઉચ્ચ શિક્ષણના અન્ય અભ્યાસક્રમોના ૩૪૧૮ વિદ્યાર્થીઓને રૂ. ૨.૮૫ કરોડ એમ કુલ મળીને ૮૯૭૬ વિદ્યાર્થીઓને રૂ. ૨૮.૫૮ કરોડનું ચૂકવણું લાભાર્થી વિદ્યાર્થીઓના ખાતામાં ચુકવવામાં આવ્યુ છે. તે ઉપરાંત ૧૫૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓની ઉચ્ચ શિક્ષણ સહાય ચુકવવા અંગેની કામગીરી પ્રગતિમાં છે.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના સફળતાપૂર્વક અમલ અંતર્ગત પ્રાથમિક શિક્ષણમાં સરકારી તેમજ અનુદાનીત પ્રાથમિક શાળાના તમામ બાળકોને તેઓના વાલીની આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય શિષ્યવૃત્તિ સહાય, મફત પાઠ્યપુસ્તકો અને ગણવેશ સહાય આપવામાં આવેલ છે. પ્રાથમિક શાળાના ધો. ૧ થી ૮ના અંદાજે ૬૨ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૩૧૦ કરોડની રકમની શિષ્યવૃત્તિ સહાય આપવામાં આવી છે. જેમાં ધો. ૧ થી ૮ના કુમારોને રૂ. ૫૦૦ લેખે ધો. ૧ થી ૫ ની કન્યાઓને રૂ. ૫૦૦ લેખે અને ધો. ૬ થી ૮ની કન્યાઓને રૂ. ૭૫૦ લેખે વાર્ષિક ધોરણે શિષ્યવૃત્તિ સહાય ચુકવાઈ છે. આ તમામ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો પુરા પાડવામાં આવ્યા છે. જે પેટે રૂ. ૧૧૦ કરોડનો ખર્ચ થયો છે. તે ઉપરાંત તમામ વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશ સહાય માટે રૂ. ૩૦૦ લેખે ગણવેશ સહાય પેટે રૂ. ૧૮૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.



**ચિલોડા પ્રાથમિક શાળા ખાતે બેટી બચાવો - બેટી પઢાવો કાર્યક્રમ યોજાયો**

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે ૬૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે બેટી બચાવો - બેટી પઢાવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ચિલોડા ગામની સૌથી વધુ ઉચ્ચ શિક્ષણ મેળવેલ દિકરી રિપલબેન પ્રવિણભાઈ પટેલને અતિથિ તરીકે આમંત્રિત કરી સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગામના વર્ષ ૧૦૧૫-૧૬માં જન્મેલી દીકરીઓની માતાઓનું પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોએ ઉલ્લાસભેર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજ્યો હતો. આ પ્રસંગે એસ.એમ.સી.ના અધ્યક્ષ તખતસિંહ ઠાકોર, કો.ઓપ્ટ શિક્ષણ સમિતિના સભ્ય યાકુબભાઈ મનસુરી, સંજયજી ઠાકોર, વિષ્ણુભાઈ પટેલ (એડવોકેટ), નટુભાઈ પટેલ, સવાજી ઠાકોર, ગામના એસ.એમ.સી.ના સભ્યો વગેરે મહાનુભાવોના હસ્તે બાળકોને ઈનામો આપી પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

## ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને એવોર્ડ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને NIC, ગુજરાતના સહયોગથી બનાવેલ સોફ્ટવેર extended Green Node (XGN)ને પ્રવર્તમાન પ્રોજેક્ટ માટે અભિવૃદ્ધિ નાવિન્ય (Incremental Innovation in Existing Project) વર્ગ હેઠળ ગોલ્ડ એવોર્ડથી સન્માનવામાં આવ્યો છે.

આ સીસ્ટમના સહયોગ થકી પ્રદૂષણને નાથવામાં તેમજ જે તે ઉદ્યોગો તથા અન્યને લેવી પડતી મંજૂરીઓ વધુ સરળતાપૂર્વક આપી શકાયેલ છે જેનો મહત્તમ લાભ Ease of Doing Business હેઠળ લેવાયેલ છે. XGNની સેવાઓ લેનાર ઉદ્યોગકારો, સહીયારી માળખાકીય સુવિધાઓ આપતી સંસ્થાઓ, વિવિધ આરોગ્ય સંસ્થાઓ (હેલ્થ કેર એકમો), તેમજ જન સામાન્યને પણ આ સુવિધાઓનો મહત્તમ લાભ મળી શક્યો છે.

## વાવોલની ૧૮ વર્ષીય યુવતી એક સપ્તાહથી લાપતા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક સ્થિત વાવોલ ગામના કુબેરનગર વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષીય યુવતી સોનલબેન હાલાભાઈ ચારેલ ૨૭ જાન્યુઆરીએ ઘરેથી બપોરે કોઈને કહ્યા વિના જ નીકળી ગઈ હતી. આજે એક સપ્તાહ થઈ જવા છતા તે ઘરે પરત ફરી નથી. પરિવારજનોએ સગા સંબંધીને ત્યાં પણ તપાસ કરી પરંતુ કયાંયથી તેણીના સગડ મળ્યા નથી. ગુજરાતી, હિન્દી ભાષા જાણતી સોનલના જમણા હાથે અંગુઠા પર અંગ્રેજીમાં 'S' લખેલું છે. સે-૭ પોલીસે જાણવાજોગ નોંધીને તેણીની શોધખોળ શરૂ કરી છે.

## સ્વ. બલરામ જાખડને રાજ્યપાલશ્રીની અંજલિ

ગાંધીનગર, તા. ૩

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ મધ્યપ્રદેશના ભૂતપૂર્વ રાજ્યપાલ તથા ગુજરાતના ભૂતપૂર્વ કાર્યકારી રાજ્યપાલ ડૉ. બલરામ જાખડના નિધનના સમાચાર જાણી ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શોક સંદેશમાં જણાવ્યું છે કે સ્વર્ગસ્થ ડૉ. બલરામ જાખડ કુશળ સાંસદ, પ્રશાસક તથા વરિષ્ઠ રાજનીતિજ્ઞ હતા. સ્વર્ગસ્થ ડૉ. જાખડે લોકસભાના અધ્યક્ષ, કેન્દ્રીય મંત્રી, મધ્યપ્રદેશના રાજ્યપાલ તથા ગુજરાતના કાર્યકારી રાજ્યપાલના પદનો કાર્યભાર સંભાળ્યો હતો.

## રોજગાર કચેરીઓ ખાતે નોંધાયેલ રોજગાર ઈચ્છુક ઉમેદવારો જોગ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારો સાથે રોજગાર સેવાનું સરળ અને ઝડપી આદાન પ્રદાન થઈ શકે તે માટે ઉમેદવારોએ કચેરી ખાતે તેમની નોંધણી અંગેના રેકર્ડમાં તેમનો મોબાઈલ નંબર, લેન્ડ લાઈન ફોન નંબર અને ઈમેલ એડ્રેસની નોંધ રૂબરૂમાં અથવા ટપાલથી દિન-૧૦માં કરાવી લેવા રોજગાર અધિકારી (જનરલ), ગાંધીનગરએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ઠગાઈના સવા કરોડના મુદ્દામાલ સાથે બે ભેજાબાજ ઝડપાયા

**બીજી ટ્રકના કાગળો ચોરીને તે આધારે ટ્રકની નંબર પ્લેટ લગાવી દઈ લાખોનો સામાન ટ્રાન્સફર કરવાના બહાને આ ગેંગ મુદ્દામાલ સગેવગે કરી દેતી હતી : ચાર રાજ્યોમાં તરખાટ મચાવતી ગેંગનો પેથાપુર પોલીસે કર્યો પર્દાફાશ : બે શખ્સો પાંચ દિ'ના રિમાન્ડ પર : ત્રણ વોન્ટેડ**

ગાંધીનગર, તા. ૩

પેથાપુર નજીક રાંધેજાની એક વેસ્ટર્ન બાયો વેજીટેબલ સિડ્સ



પ્રા.લી. કંપનીમાંથી રૂ. ૧૫.૫૦ લાખના મગફળીના બિયારણનો જથ્થો મહારાષ્ટ્ર ટ્રાન્સફર કરવાના બહાને બનાવટી દસ્તાવેજોના આધારે ટ્રાન્સપોર્ટ એજન્સી મારફતે વેપારી સુધી પહોંચીને તે જથ્થો બારોબાર સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનો ગુનો બન્યો હતો. જે અંગે પેથાપુર પોલીસે ઝીણવટભરી તપાસ કરીને ઠગાઈ કરતી આ ગેંગના બે મુખ્ય સૂત્રધારને સવા કરોડના ઠગાઈના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો છે. ચાર રાજ્યોમાં આ પ્રકારે ઠગાઈ કરી હોવાની ચોંકાવનારી કબુલાત આરોપીઓ કરી રહ્યા છે. બંનેના પાંચ દિવસના રિમાન્ડ કોર્ટે મંજુર કર્યા છે. આ ગુનામાં હજુ ત્રણ ડ્રાઈવર્સ વોન્ટેડ છે તેમને પકડવા પણ પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાએ ચક્રો ગતિમાન કર્યા છે.

હાઈવે ઉપર ચા-નાસ્તા માટે ટ્રક ઉભી કરીને થોડો આરામ કરી લેતા ટ્રક ડ્રાઈવરના ધ્યાન બહાર તેના ટ્રકમાંથી વાહનના કાગળો ચોરી લઈ તે જ વાહનોની બનાવટી નંબર પ્લેટ પોતાની ટ્રકમાં આ ગેંગ લગાવી દેતી હતી. ત્યારબાદ ડ્રાઈવરનું લાયસન્સ બીજાનું અને ફોટો પોતાનો એમ એડીટીંગ કરીને ઓળખકાર્ડ પણ બનાવટી બનાવી ટ્રાન્સપોર્ટ એજન્સી સુધી આ ગેંગ પહોંચતી હતી. તમામ દસ્તાવેજો બનાવીને કહેતી હતી કે મહારાષ્ટ્ર જવુ છે ટ્રક ખાલી છે કોઈ સામાન ટ્રાન્સફર માટે હોય તો આપો..! કાગળો જોઈને એજન્સી કોઈ મોટી કંપનીના લાખોના મુદ્દામાલ મહારાષ્ટ્ર પહોંચાડવા તેમની ટ્રકમાં ભરી આપતા હતા અને આ ટોળકી સામાન વચ્ચે જ એક બનાવેલા ગોડાઉનમાં મુકી દેતા હતા. કરોડોની કિંમતનો આ પ્રકારે ઠગાઈ કરીને સગેવગે કરેલો સામાન મોટા વેપારીને વેચી મારવાની મોડ્સ ઓપરેન્ડી આ ગેંગ ધરાવતી હતી. પેથાપુર પોલીસની હદમાં થયેલા આ ગુનાને પગલે ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે સુચના આપતા પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાએ આ ગેંગને પકડવા માટે ખાસ ટેકનોલોજીનો ઉપયોગ કરી અને હ્યુમન ઈન્ટેલીજન્સનો સહારો લઈ ગેંગના બંને મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવામાં સફળતા મેળવી લીધી છે. બોગસ ટ્રકના નંબર ઉપરાંત લાયસન્સ તો હતા જ પરંતુ સીમકાર્ડ પણ વડોદરાના કોઈ યુવાનના નામનું જ ડમી હતુ. અમદાવાદથી પકડી પાડેલા મુળ મધ્યપ્રદેશ ઈન્દોરના રજાક ઊર્ફે સલીમ ઈમામ પઠાણ અને અમદાવાદ નિકોલના રમેશ ઊર્ફે ભાર્ગવ શાંતિ પટેલને પકડી પાડી પેથાપુર પોલીસે સઘન પુછપરછ કરતાં આખુ આંતરરાજ્ય



ગુનાખોરી હોવાનું બહાર આવ્યુ છે. ઓઢવ અભિશ્રી ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ગોડાઉન નં. ૧૪૨માં સગેવગે કરેલો કિ. રૂ. ૧,૨૭,૬૫,૫૦૪નો મુદ્દામાલ સંતાડ્યો હતો. પોલીસે સીંગદાણા, અડદ, કપાસ બિયારણ સહીતનો આ સગેવગે કરેલો ઠગાઈનો મુદ્દામાલ જપ્ત કરી બન્નેની પુછપરછ કરતા રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાત સહિતના ચાર રાજ્યોમાં ગુનાઓ આચર્યા હોવાનું ખુલ્યુ છે. ગુજરાતમાં પેથાપુર, જાદર અને તલોદ પોલીસ સ્ટેશનની હદમાંથી આ મોડ્સ ઓપરેન્ડીથી ઠગાઈ કરી હોવાનું ખુલ્યુ છે. તે ઉપરાંત સુરત વિસ્તારનો પણ એક ગુનો કબુલાય તેવી શક્યતા છે. બંનેની સઘન પુછપરછ માટે પેથાપુર પોલીસે રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજુ કરાતાં કોર્ટે બન્નેના પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. જ્યારે ત્રણ ફરાર ડ્રાઈવરની શોધખોળ પણ શરૂ કરાઈ છે.

## પોલીસને જોઈને આરોપી હોઝીયરીની દુકાનમાં ઘુસી ગયો હતો..!

પેથાપુર પોલીસની ટીમ બંને આરોપીઓને શોધતી શોધતી અમદાવાદના જે ખુણામાં તે હતા ત્યાં પહોંચી ગઈ હતી. પોલીસ તેમને પકડવા આવી હોવાનો અંદાજ આવી જતાં બંને મુખ્ય સૂત્રધાર ભેજાબાજો એક હોઝીયરીની દુકાનમાં બનિયાન ખરીદવાના બહાને ઘુસી ગયા હતા. પોલીસ બન્નેને તે દુકાનમાંથી બહાર કાઢીને ઉઠાવી લાવી હતી.

## સીંગદાણાનો મોટો જથ્થો ખરીદતા વેપારીઓનો પોલીસે પહેલેથી જ સંપર્ક કરી લીધો હતો

સગેવગે કરેલો સીંગદાણાનો મસમોટો જથ્થો સ્વાભાવીક રીતે આ શખ્સો છુટક વેચે નહી એટલે કોઈ મોટા વેપારીને જ સીંગદાણાનો મસમોટો જથ્થો આ ગેંગના સાગરીતો ભવિષ્યમાં વેચવા માટે ફરશે તેવુ માની પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાએ અમદાવાદના મોટા વેપારીઓનો પહેલેથી જ સંપર્ક કરી લીધો હતો. કે કોઈ આ પ્રકારે માલ વેચવા આવે તો જાણ કરે...! હ્યુમન ઈન્ટેલીજન્સ ગોઠવી દેતા આ શખ્સોને ટ્રેસ કરવામાં પેથાપુર પોલીસને વધુ સરળતા રહી હતી અને આખરે ગેંગના બંને મુખ્ય સૂત્રધાર પોલીસ સકંજામાં આવી ગયા હતા.